| Re-Accredited<br>Grade **"A"** by NAAC | **Saurashtra University** | University Campus,<br>University Road,<br>**Rajkot - 360 005**<br>Ph.0281 - 2578501 |
|---|---|---|

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હીની ગાઈડલાઈન મુજબ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રવેશ, સ્ટાફ ભરતી, હોસ્ટેલ પ્રવેશ, સ્ટાફ કવાટર્સની ફાળવણી વગેરેમાં અનામત પ્રમાણની જોગવાઈના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઈઝરી કમિટીની એક બેઠક તા.૧૦/૦૧/૨૦૧૫ના રોજ ૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ હતી. બેઠકમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો. પી. એલ. ચૌહાણ | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨) | ડો. ડી. ડી. પંડયા | કુલસચિવશ્રી | હાજર |
| ૩) | પ્રોફે. હેમીક્ષાબેન રાવ | સભ્યશ્રી | હાજર |
| ૪) | પ્રોફે. બી. કે. કલાસવા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૫) | ડો. આર. એન. કાથડ | સભ્યશ્રી | હાજર |
| ૬) | પ્રોફે. યુ. સી. ભોયા | સભ્યશ્રી | હાજર |
| ૭) | શ્રી જિજ્ઞાબેન એચ. પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૮) | પ્રોફે. આર. જે. યાદવ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૯) | શ્રી આર. સી. ગાંવિત | સભ્યશ્રી | હાજર |
| ૧૦) | શ્રી આર. જી. પરમાર | નાયબ કુલસચિવશ્રી | હાજર |

સદર બેઠકમાં નીચે મુજબના સૂચનોનો અમલ કરવા ઠરાવવામાં આવેલ.

૧) એડવાઈઝરી કમિટીની બેઠક વર્ષમાં સામાન્ય રીતે બે વખત બોલાવવી.
૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળોમાં અનામત વર્ગને પ્રતિનિધિત્વ આપવા બાબતે સરકારશ્રીમાં જે દરખાસ્ત થયેલ છે તેનું ફોલોઅપ લેવું.
૩) રોસ્ટર પ્રથાનો ચુસ્તપણે અમલ કરવો.
૪) આસીસ્ટન્ટ પ્રોફેસરની અનામત વર્ગની જગ્યાઓ ભરવા માટે ત્રણ વખત પ્રયત્ન કરવા.
૫) અનામત વર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે પ્રયત્નો કરવા.
– આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા અનામત વર્ગના ઉમેદવારોથી ભરવા માટે જાહેરખબર આપવામાં આવેલ હોય, તે જગ્યા તે જ કેટેગરીથી ભરવા ત્રણ પ્રયત્નો કરવા.
૬) વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા પહેલા તથા પ્રવેશ તબકકો પૂર્ણ થયા બાદ અનામત અમલીકરણ નીતિ તથા તેના પ્રમાણની સમીક્ષા કરવી.
૭) હોસ્ટેલ્સમાં અનામત પ્રમાણ મુજબ દરેક કેટેગરીને પ્રતિનિધિત્વ આપવું.
૮) સ્ટાફ કવાટર્સમાં અનામત પ્રમાણ મુજબ દરેક કેટેગરીને પ્રતિનિધિત્વ આપવું.
૯) પીએચ.ડી.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ સરકારશ્રીની વિવિધ એજન્સીઓ મારફત મળતી સહાય મેળવવા દરખાસ્તમાં કોની સહી લેવી ? તે બાબત ટીચીંગ સંકલન તેમજ પ્રિન્સીપાલશ્રીઓની બેઠકમાં વિચાર વિમર્શ માટે મુકવી.
૧૦) વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓના વિવાદ નિવારણ બાબતે ફોલોઅપ લેવું.

અન્ય કોઈ મુદાઓ ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીની સંમતિથી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

**સહી/–**
**(ડો. ધિરેન પંડયા)**
**કુલસચિવ**

| Re-Accredited Grade "A" by NAAC | **Saurashtra University** | University Campus, University Road, **Rajkot - 360 005** Ph.0281 - 2578501 |
| --- | --- | --- |

**એસ.સી.–એસ.ટી. સેલ/૩૪/૨૦૧૫** **તા.૧૬/૦૧/૧૫**

**પ્રતિ,**
સર્વે સભ્યશ્રીઓ,
અનામત પ્રમાણ જોગવાઈઓના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઈઝરી કમિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
**રાજકોટ**

તા. ૧૦–૦૧–૨૦૧૫ના રોજ મળેલ અનામત પ્રમાણની જોગવાઈઓના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઈઝરી કમિટીની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે, જે વિદિત થાય.

**આપનો વિશ્વાસુ**

**નાયબ કુલસચિવ**
**(એસ.સી.–એસ.ટી.સેલ)**

**નકલ સાદર રવાના :–**
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ કરવા તથા યોગ્ય કાર્યવાહી અર્થે :–**
૧) યુનિવર્સિટી સ્થિત તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ
૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક સંસ્થાઓ/પી. જી. સેન્ટર્સ (વેબસાઈટ મારફત)
૩) ઓડીટ વિભાગ
૪) હિસાબ વિભાગ
૫) સામાન્ય વિભાગ
૬) પી. જી. વિભાગ
૭) જોડાણ વિભાગ
૮) મહેકમ–અ/બ
૯) સિન્ડીકેટ વિભાગ
૧૦) બાંધકામ વિભાગ
૧૧) રેકટરશ્રી, બોયઝ હોસ્ટેલ
૧૨) રેકટરશ્રી, અર્ન વ્હાઈલ લર્ન હોસ્ટેલ
૧૩) રેકટરશ્રી, ગર્લ્સ હોસ્ટેલ
૧૪) રેકટરશ્રી, સરસ્વતિ વુમન હોસ્ટેલ
૧૫) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર કાર્યવાહી નોંધ મુકવા વિનંતી)